તેને રહેવા દો, મેં બન્ને મોજા વુઝુની સ્થિતિમાં પહેર્યા હતા

મુગીરહ રઝી અલ્લાહુ અન્હુ રિવાયત કરે છે, તેઓ કહે છે: હું એક સફરમાં નબી صلى الله عليه وسلم સાથે હતો,
મેં આપના મોજા ઉતારવા માટે હાથ આગળ કર્યો, તો નબી صلى الله عليه وسلم એ કહ્યું: « તેને રહેવા દો, મેં
બન્ને મોજા વુઝુની સ્થિતિમાં પહેર્યા હતા», ફરી નબી صلى الله عليه وسلم એ બન્ને મોજા પર મસહ કર્યો.
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [મુત્તફકુન્ અલયહિ]

નબી صلى الله عليه وسلم એક સફરમાં હતા, તો નબી صلى الله عليه وسلم વઝૂ કરવા લાગ્યા, જ્યારે નબી صلى الله عليه وسلم પગ ધોવા સુધી પહોંચ્યા તો મુગીરહ બિન શુઅબહ રઝી અલ્લાહુ અન્હુ એ પોતાનો હાથ આગળ કર્યો કે નબી صلى الله عليه وسلم ના બન્ને પગ માંથી મોજા કાઢી લે જેથી તો નબી صلى الله عليه وسلم પોતાના પગ ધોઈ શકે! તો નબી صلى الله عليه وسلم એ કહ્યું: તેને છોડી દો અને ન કાઢો, કારણકે આ બન્ને મોજા મેં વઝૂની સ્થિતિમાં પહેર્યા હતા, ત્યારબાદ નબી صلى الله عليه وسلم એ પગ ધોવાના બદલે મોજા પર મસહ કર્યો.

https://sunnah.global/hadeeth/gu/show/3014